### ગુજરાત હાઈકોર્ટે જવાબ રજૂ કરવા કર્યો આદેશ

# મોરબી હોનારત : સુઓમોટોમાં ૧૪મી સુધી જવાબ રજૂ કરવા આદેશ

## હાઈકોર્ટે જણાવ્યું છે કે મોરબી હોનારત મામલે સરકાર તરફથી કડક કાર્યવાહીની અપેક્ષા

અમદાવાદ, તા.૭

મોરબીમાં ઝૂલતો પુલ તૂટવાની ઘટનાએ સમગ્ર ગુજરાતમાં હડકંપ મચાવી દીધો હતો. ક્ષમતા કરતા વધારે લોકોને એક સાથે પહેલાં પુલ પર ટિકિટો આપીને જવા દેવામાં આવે છે. અને બાદમાં અચાનક આ પુલ તૂટી પડે છે અને એકબાદ એક ટપોટપ લોકો મચ્છુ નદીમાં ગરકાવ થઈ ગયાં. આ ઘટનાએ નાના ભૂલકાઓથી માંડીને વડીલો સહિત કુલ ૧૩૫ લોકોનો ભોગ લીધો. ત્યારે મોરબી હોનારત મુદ્દે ગુજરાત હાઈકોર્ટે ગંભીર નોંધ લીધી છે. ગુજરાત હાઈકોર્ટે મોરબી ઝૂલતા પુલની હોનારતની ઘટનાની ગંભીર નોંધ લઈને આ અંગે સુઓમોટો લીધી છે. આ કેસમાં હાઈકોર્ટે જણાવ્યું છે કે આ મામલે રાજ્ય સરકાર તરફથી કડક કાર્યવાહીની અપેક્ષા છે. સાથે જ ગૃહ વિભાગ, અર્બન હાઉસિંગ, મ્યુનિસિપાલિટી કમિશનર, હ્યુમન રાઈટ્સ સહિતના અધિકારીઓને પણ મોરબી ઝૂલતો પુલ તૂટવાની દુર્ઘટનામાં નોટિસ ફટકારવામાં આવી છે.

એટલું જ નહીં આજે મોરબી હોનારત મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી હતી. સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટે મોરબી હોનારત મામલે ૧૪ નવેમ્બર સુધીમા જવાબ રજૂ કરવા હુકમ કર્યો છે.

મોરબી ઘટનામાં ૧૩૪ લોકોના મૃત્યુ મામલે પ્રસિદ્ધ સમાચાર અહેવાલો પણ ધ્યાનમાં લેવામાં રજિસ્ટ્રીને સૂચના આપવામાં આવી છે. વેકેશન પછી આજથી હાઈકોર્ટ ફરી શરૂ થઈ છે. કાર્યવાહીની શરૂઆતમાં મોરબી દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી.

ઉલ્લેખનીય છેકે, મહત્વનું છે કે ૩૦ ઓક્ટોબરના દિવસે સાંજે ૬:૩૦ કલાકે મોરબીમાં ઝૂલતો બ્રિજ તૂટી પડ્યો હતો. જેમાં ૧૩૫ લોકોના મોત થયા હતા. જ્યારે અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હતા. દુર્ઘટના બાદ તંત્રએ તાત્કાલિક રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કર્યું હતું. મચ્છુ નદીમાં ડૂબી ગયેલા લોકોને બહાર કાઢવા માટે આર્મી, નેવી, એનડીઆરએફ, એસડીઆરએફ સહિત અનેક લોકો કામે લાગ્યા હતા. પાંચ દિવસ બાદ મોરબીમાં સર્ચ ઓપરેશન સત્તાવાર રીતે પૂર્ણ કરવામાં આવ્યું છે.

### મૃતકોના પરિવારને ૧ કરોડ રુપિયા વળતર આપો

# ગ્રાહક સુરક્ષા સંસ્થાની ઓરેવા અને મોરબી પાલિકાને નોટિસ

૩૦મી ઓક્ટોબરની સાંજે મોરબીમાં બનેલી દુર્ઘટનામાં જે લોકોએ જીવ ગુમાવ્યો છે તેમના પરિવારજનોને વળતર ચૂકવવાનો આદેશ વડોદરાની ગ્રાહક અધિકાર સંસ્થાએ આપ્યો છે. કન્ઝ્યુમર રાઈટ્સ ઓર્ગેનાઈઝેશન દ્વારા મોરબી નગરપાલિકા તેમજ ઓરેવા કંપનીને નોટિસ મોકલવામાં આવી છે.

જાગૃત નાગરિક ગ્રાહક સુરક્ષા સંસ્થા દ્વારા માંગ કરવામાં આવી છે કે, મૃત્યુ પામનાર પ્રત્યેત વ્યક્તિના પરિવારને ૧ કરોડ રુપિયા આપવામાં આવે તેમજ ઈજાગ્રસ્તોને ૧૦ લાખ રુપિયા મળવા જોઈએ.

ઉલ્લેખનીય છે કે, ૩૦મી ઓક્ટોબરની સાંજે મચ્છુ નદી ઉપર બાંધવામાં આવેલો ઝૂલતો પુલ એકાએક તૂટી જતાં ૧૩૫ લોકોએ જીવ ગુમાવ્યો છે, જ્યારે મોટી સંખ્યામાં લોકો ઈજાગ્રસ્ત પણ થયા છે. પાછલા ઘણાં સમયથી પુલ સમારકામ થતું હોવાને કારણે બંધ હતો. ઘટનાના થોડા દિવસ પહેલા જ તેને ફરીથી ખોલવામાં આવ્યો હતો. JNGSSના મેનેજિંગ ટ્રસ્ટી પી.વી. મૂરઝાણી જણાવે છે કે, કંપની તેમજ તંત્ર બન્ને તરફથી ઘોર બેદરકારી દર્શાવવામાં આવી છે. જેના પરિણામે આટલા બધા લોકોએ જીવ ગુમાવ્યો છે. બ્રિજના સમારકામ અને જાળવણીનો કોન્ટ્રાક્ટ ઓરેવા કંપનીને આપવામાં આવ્યો હતો.

તેમણે આગળ જણાવ્યું કે, કંપનીએ પોતાનું કામ યોગ્ય રીતે નથી કર્યું. આ સિવાય સુરક્ષાની પૂરતી ચકાસણી કર્યા વિના આટલી મોટી સંખ્યામાં લોકોને ત્યાં જવા દેવામાં આવ્યા. આ એક માનવસર્જિત દુર્ઘટના છે અને કંપની તેમજ મોરબીનું તંત્ર બન્ને તેના માટે જવાબદાર છે. તેમને આ ઘટનાનો કોઈ પસ્તાવો હોય તેમ પણ જણાઈ નથી રહ્યું. રાજ્ય સરકાર તરફથી પીડિતો માટે નગણ્ય વળતરની જાહેરાત કરવામાં આવી છે. અમે મોરબી નગરપાલિકા અને કંપનીને નોટિસ મોકલી છે અને એક કરોડ રુપિયા વળતરની માંગ કરી છે. જો તેઓ આ રકમ ચૂકવવા તૈયાર નહીં થાય તો અમે કન્ઝ્યુમર પ્રોટેકશન એક્ટ અંતર્ગત ફરિયાદ નોંધાવીશું.

# અલ્પેશ કથીરિયા અને ધાર્મિક માલવિયા સુરતથી લડશે ચૂંટણી

### આમ આદમી પાર્ટીની ૧૧મી યાદી જાહેર : યાદીમાં ૧૨ ઉમેદવારોના નામનો સમાવેશ થાય છે





અમદાવાદ, તા.૭

રાજ્યમાં પહેલા તબક્કાના મતદાન માટેની ચૂંટણી પ્રક્રિયા શરુ થઈ ચુકી છે ત્યારે આમ આદમી પાર્ટીએ પોતાના ઉમેદવારોની ૧૧મી યાદી જાહેર કરી દીધી છે. આજે જાહેર કરાયેલી યાદીમાં ૧૨ ઉમેદવારોના નામનો સમાવેશ થાય છે. આ સાથે જ પાર્ટીએ ત્યારસુધી રાજ્યની ૧૮૨માંથી ૧૫૧ બેઠકો પર પોતાના ઉમેદવારો જાહેર કરી દીધા છે. થોડા દિવસ પહેલા જ આમ આદમી પાર્ટીમાં જોડાયેલા અલ્પેશ કથીરિયાને પાટીદારોનો ગઢ મનાતી સુરતની વરાછા બેઠક પરથી ટિકિટ અપાઈ છે, જ્યારે ધાર્મિક માલવિયાને ઓલપાડથી ચૂંટણી લડાવાશે.

આમ આદમી પાર્ટીએ ગાંધીધામથી બી.ટી. મહેશ્વરી, દાંતાથી એમ.કે. મોમ્બડીયા, પાલનપુરથી રમેશ નભાની, કાંકરેજથી મુકેશ ઠક્કર, રાધનપુરથી લાલજી ઠાકોર, મોડાસાથી રાજેન્દ્રસિંહ પરમાર, રાજકોટ પૂર્વથી રાહુલ ભૂવા, રાજકોટ પશ્ચિમથી દિનેશ જોશી, કુતિયાણાથી ભીમાભાઈ મકવાણા, બોટાદથી ઉમેશ મકાવાણા, ઓલપાડથી ધાર્મિક માલવિયા અને વરાછાથી અલ્પેશ કથીરિયાને ટિકિટ આપી છે.

સુરતમાં ૨૦૨૧માં થયેલી કોર્પોરેશનની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ જ્વલંત દેખાવ કર્યો હતો, જ્યારે શહેરમાંથી કોંગ્રેસનો સફાયો થઈ ગયો હતો. કોર્પોરેશનની કુલ ૧૨૦ બેઠકોમાંથી ભાજપને ૯૩ પર વિજય મળ્યો હતો. જોકે, પક્ષનો વોટ શેર ૨.૪૨ ટકા ઘટ્યો હતો. તેમાંય વરાછાને પાટીદારોનો ગઢ માનવામાં આવે છે.



૨૦૨૨ની IITGN અંડરગ્રેજ્યુએટ બેચ માટે ચાલી રહેલા ફાઉન્ડેશન પ્રોગ્રામ (FP) ૨૦૨૨ના ભાગ રૂપે, ૨૮૮ BTech'૨૨ ફ્રેશર્સ, સેન્ટર ફોર ક્રિએટિવ લર્નિંગ (CCL) ટીમ સાથે મળીને, IIT ગાંધીનગર લોગોની ૭.૩ ચોરસ મીટરની સ્ટ્રિંગ આર્ટ બનાવી. કાળા દોરાઓ સાથે વર્તુળમાં ૪૦૦૦ સીધી રેખાઓને એકબીજા સાથે જોડીને. આ વિશાળ પ્રદર્શન બનાવવામાં તેમને ચાર કલાક લાગ્યા હતા. ૧૦ ફીટ વ્યાસના વર્તુળને ૩૦૦ સમાન અંતરમાં વિભાજિત કરવામાં આવ્યું હતું, અને વિદ્યાર્થીઓ લોગો બનાવવા માટે આ બિંદુઓ વચ્ચે તાર સાથે જોડાયા હતા. વિદ્યાર્થીઓએ સમાન રીતે IIT ગાંધીનગર' અને 'FP 22' પણ લખ્યું - દરેક વર્તુળમાં ૧૫૦ પોઈન્ટ ધરાવતું વર્તુળ અને દરેક મૂળાક્ષર બનાવવા માટે ૧૫૦૦ સીધી રેખાઓ. ઈમેજની પિક્સેલ તીવ્રતાના આધારે CCL ટીમ દ્વારા કનેક્ટિંગ સ્ટ્રિંગ્સનો ક્રમ એલ્ગોરિધમિક રીતે જનરેટ કરવામાં આવે છે.

# મેં દિલ્હીના ઠગોને મત ન આપવા ગુજરાતની પ્રજાને અપીલ કરી છે

### લલિત વસોયાએ ભાજપ પ્રેમ પર કરવી પડી સ્પષ્ટતા : કોંગ્રેસની પરિવર્તન યાત્રામાં શક્તિસિંહ ગોહિલની હાજરીમાં ધારાસભ્ય લલિત વસોયાએ વિવાદિત નિવેદન બોલ્યા હતા

રાજકોટ,તા.૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જાહેર થયા બાદ તમામ રાજનૈતિક પક્ષો રાજ્યની જનતાને મનાવવાના પ્રયાસો કરી રહી છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના દિગ્ગજ નેતાઓ રાજ્યમાં એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. ત્યારે ધોરાજીમાં કોંગ્રેસના ધારાસભ્યનો લલિત વસોયાએ કટાક્ષ કરતા ભાંગરો વટાયા જેવો ઘાટ થયો હતો. તેમણે જાહેર મંચ પરથી સંબોધનમાં ભાજપ પ્રત્યેનો પ્રેમ જોવા મળ્યો છે. જોકે, આ નિવેદનના વિવાદ બાદ તેમણે સ્પષ્ટતા પણ કરીને કહ્યું કે, મેં કટાક્ષમાં કહ્યુ હતુ. તેમણે એમ પણ કહ્યુ કે, દિલ્હીના ઠગોને મત ન આપવા મેં ગુજરાતની પ્રજાને અપીલ કરી છે. રાજકોટના ધોરાજીમાં કોંગ્રેસ દ્વારા પરિવર્તન યાત્રા કાઢવામાં આવી હતી. આ દરમિયાન ધોરાજીમાં જાહેર સભામાં લલિત વસોયાનો ભાજપ પ્રેમ છલકાયો હતો. સભામાં ધારાસભ્ય લલિત વસોયાએ આમ આદમી પાર્ટીને મત આપવા કરતા ભાજપને મત આપવા જણાવ્યું હતું. લલિત વસોયાએ મંચ પરથી જણાવ્યું હતું કે, જો તમને કોઈ આમ આદમી પાર્ટીની વાત કરે તો હું કહું છું કે, તમે આમ આદમી પાર્ટીને મત આપવા કરતા ભાજપને મત આપજો.

જોકે, આ નિવેદનથી ભારે વિવાદ સર્જાતા તેમણે સ્પષ્ટતા કરતા



જણાવ્યુ હતુ કે, 'સત્તાવિરોધી મતોનું વિભાજન કરવા માટે ભારતીય જનતા પાર્ટીના ઈશારે ગુજરાતમાં આમ આદમી પાર્ટી આવી છે. ભારતીય જનાતા પાર્ટી નક્કી કરે તે ઉમેદવારો લઈને આપ કોંગ્રેસનાં મતો તોડવાનો પ્રયત્ન કરી રહી છે. ગાંધીનગર કોર્પોરેશનનું પરિણામ ગુજરાત અને દેશની જનતાએ જોયું છે. વર્ષોથી જ્યાં કોંગ્રેસનું શાસન હતુ એ તોડવા માટે આપને ઉતારવામાં આવી અને એ પરિણામ ગુજરાતની પ્રજાએ જોયું છે. તેના અનુસંધાને દિલ્હીના ઠગોને મત ન આપવા મેં ગુજરાતની પ્રજાને અપીલ કરી છે.

રાજકોટના ધોરાજી શહેરમાં કોંગ્રેસની પરિવર્તન યાત્રા નીકળી હતી. આ યાત્રામાં રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલ, ધારાસભ્ય લલિત વસોયા, શહેર કોંગ્રેસ પ્રમુખ અરવિંદભાઈ વોરા, પૂર્વ નગરપતિ સહિતના અગ્રણીઓ જોડાયા હતા. આ દરમિયાન એક જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં શક્તિસિંહ ગોહિલની હાજરીમાં ધારાસભ્ય લલિત વસોયાએ વિવાદિત નિવેદન બોલ્યા હતા. જેમાં સ્પષ્ટતા પણ કરવી પડી હતી.

# બીટીપી-જેડીયૂ વચ્ચે ગઠબંધન, નીતિશ કુમાર પ્રચાર માટે આવશે

### ગુજરાતના રાજકારણના સૌથી મોટા સમાચાર : જેડીયુ અને બિટીપી ભેગા થઈને ચૂંટણી લડશે એવો મોટો ખુલાસો છોટુભાઈ વસાવા દ્વારા કરવામાં આવ્યો છે

નર્મદા, તા.૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ગુજરાત



વિધાનસભાની ચૂંટણીમાં મોટો વળાંક આવ્યો છે. કેજરીવાલ બાદ ગુજરાતમાં નીતીશકુમારની એન્ટ્રી થશે. હવે બિટીપી અને જેડીયુ વચ્ચે ગઠબંધન થયું છે. બિટીપીના કાર્યાલય ખાતે છોટુભાઈ વસાવાની હાજરીમાં બિટીપી પ્રદેશ અધ્યક્ષ અને જનતાદળના ગુજરાત પ્રદેશ અધ્યક્ષની મુલાકાત થઈ છે. જેડીયુ અને બિટીપી ભેગા થઈને ચૂંટણી લડશે એવો મોટો ખુલાસો છોટુભાઈ વસાવાએ કર્યો છે. તેમણે કહ્યુ કે, જેડીયુની મદદથી અમે ચૂંટણી લડીશું.

બિટીપી અને જેડીયુ વચ્ચે ગઠબંધનના સમાચાર સાથે જ સામે આવી રહ્યું છે કે, ગુજરાતમાં બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર ચૂંટણી પ્રચાર કરવા આવશે. તેમણે કહ્યુ કે, જનતાદળ અમારા જુના સાથી છે અને જૂના સાથી સાથે મળીને અમે ચૂંટણી લડીશું. આજે જેડીયું સાથે બેઠક છે. બંને સાથે મળીને આગામી નવી યાદી અમે જાહેર કરીશું.

બીટીપી એક યાદી જાહેર કરી ચૂક્યું છે, જ્યારે આગામી દિવસોમાં વધુ ઉમેદવારો જાહેર કરવામાં આવશે. હવે તેઓ જેડીયુ સાથે મળીને ચૂંટણી લડવા જઈ રહ્યા છે. ચૂંટણીમાં કેટલાક બીટીપીના ઉમેદવાર હશે, જ્યારે કેટલાક જેડીયુના સાથી મળીને ચૂંટણી લડશે. તો હવે સવાલ એ છે કે, આ બન્ને સાતે ચૂંટણી લડશે તો ફાયદો કોને થશે?

બીટીપીના રાષ્ટ્રીય સંયોજક છોટુ વસાવાએ જણાવ્યું કે, મોંઘવારી, બેરોજગારી, મોરબી જેવી ઘટના, નિર્દોષ લોકો ન મરે તેના પ્રયાસ રૂપે અમે આ ગઢબંધન કરી રહ્યા છે. ભાજપ પર પ્રહાર કરતાં તેમણે કહ્યુ કે, આ ચૂંટણી જેવું જ નથી. આ દાદાગીરી જ છે. સત્તામાં નહીં હોય તો એક સીટ પણ નહીં જીતે. સાથે જ ગઢબંધનના ફાયદા વિશે વાત કરતાં તેમણે કહ્યું કે, બિલકુલ ફાયદો થવાનો છે. માત્ર વિધાનસભામાં ફાયદો થવાનો નથી લોકસભામાં પણ થશે. સાથે જ તેની પાર્ટી અંગે સવાલ પૂછતાં તેમણે કહ્યું કે, અમારી અંદર કોઈ ડખો નથી. બધો ડખો એમનામાં જ છે.

અગાઉ આપ પાર્ટી સાથે થયેલા ગઢબંધન અંગે સવાલ કરતાં તેમણે કહ્યુ કે, અરવિંદ કેજરીવાલ વૈચારીક ક્યા છે. પ્રેમ થઈ જાય તો છોકરા-છોકરી સાથે જોવા પણ મળે. કાલે ઉઠીને ન બને તો છૂટા પણ થાય.

# જીગ્નેશ કવિરાજને પણ ચૂંટણી લડવાના અભરખા : ખેરાલુથી લડશે

અમદાવાદ,તા.૭

ગુજરાત વિધાનસભાની ચૂંટણી તારીખો જાહેર થઈ ગઈ છે. દરેક પક્ષો પ્રચંડ પ્રચારમાં લાગી ગયા છે. આ દરમિયાન ગુજરાતના જાણીતા લોક ગાયક જીગ્નેશ કવિરાજને પણ ચૂંટણી લડવાના અભરખા જાગ્યા છે. તેઓ ખેરાલુથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી શકે છે.



જીગ્નેશ નજીકના સૂત્રો તરફથી મળેલી માહિતી મુજબ જીગ્નેશ અપક્ષ ચૂંટણી લડશે. લોકગાયક તરીકે ખ્યાતિ પામેલા જીગ્નેશ બારોટનું મૂળ વતન ખેરાલુ છે. તેઓ ખેરાલુથી અપક્ષ ચૂંટણી લડી શકે છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી બે તબક્કામાં યોજાશે. પ્રથમ તબક્કાનું મતદાન ૧ ડિસેમ્બરે અને બીજા તબક્કાનું મતદાન ૫ ડિસેમ્બરે યોજાશે. પરિણામ ૮ ડિસેમ્બરે જાહેર થશે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી જાહેર થતા રાજકીય માહોલમાં ગરમાવો આવી ગયો છે. આ સાથે કેટલાંક બુકીઓએ પોલીટીકલ સટ્ટાની લાઈન ઓપન કરી છે. જેમાં આજથી ક્યા ઉમેદવારને ટિકિટ મળી શકે છે? તેને લઈ સટ્ટોડિયાઓ પાસે સટ્ટો બુક કરવાનું શરૂ કર્યું છે. આ સટ્ટામાં હાલના મંત્રી મંડળમાં રહેલા ધારાસભ્યોને રિપીટ કરાશે કે નહી? તેમજ ક્યાં સંભવિત નવા ચહેરાને તક મળી શકે છે? તે બાબતો પર સટ્ટો રમાઈ રહ્યો છે.




ખાડા રાજ - ગુજરાતના દરેક શહેરમાં એક જ સમસ્યા સામાન્ય જોવા મળી છે અને એ છે 'ખાડા રાજ'.... ચોમાસામાં દરેક શહેરમાં ઠેર ઠેર ભુવા પડ્યાની ફરિયાદો તો હંમેશા રહી જ છે.... પરંતુ ચોમાસા બાદ અમદાવાદ શહેરમાં પણ આવી ફરિયાદો વારંવાર ઉઠવા પામી છે... અને ઠેર ઠેર ભુવા પડ્યા જોવા મળી રહ્યા છે... છેલ્લા ઘણા સમયથી હેલમેટ ચાર રસ્તા પાસેથી વિજય ચાર રસ્તા પાસે ચાલી રહેલ કામ જે હજુ પણ પુરૂ થયું નથી.

## યથાવત રહેશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

એટલે કે તેઓ પણ ઈઉજી અનામતને મૂળ અધિકારનું હનન ગણતા નથી. બેલા ત્રિવેદીએ કહ્યું કે ઈઉજી કેટેગરી વ્યાજબી કેટેગરી છે. આર્થિક રીતે વંચિત તબક્કાને આગળ લઈ જવો એ સરકારની જવાબદારી છે.

જસ્ટિસ બેલા ત્રિવેદીએ કહ્યું કે ૧૦૩માં બંધારણ સંશોધનની બંધારણીય માન્યતાને યથાવત રાખુ છું. તેમાં SC/ST/OBC કેટેગરીને બહાર રાખવી એ ભેદભાવપૂર્ણ કહી શકાય નહીં. જસ્ટિસ પારડીવાલાએ કહ્યું કે ૭૫ વર્ષ બાદ આ સમીક્ષાની જરૂર છે કે અનામતથી શું ફાયદો થયો.જ્યારે જસ્ટિસ રવિન્દ્ર ભટનો મત અલગ છે. તેમણે કહ્યું કે SC /ST/ OBC ને EWS અનામતના દાયરામાંથી બહાર રાખવું ભેદભાવપૂર્ણ છે.

CJI એ પણ પોતાના ચુકાદામાં સ્પષ્ટ કર્યું કે SC/ST/OBC સમુદાયને આર્થિક આધાર પર અનામતમાંથી બહાર રાખવા એ ભેદભાવપૂર્ણ છે. આમ તેમણે આ મામલે જસ્ટિસ ભટ્ટનું સમર્થન કર્યું. આમ આ રીતે ચુકાદો ૩:૨ ના બહુમતથી આવ્યો ગણાશે.

કેન્દ્ર સરકાર જાન્યુઆરી ૨૦૧૯માં બંધારણમાં ૧૦૩મું સંશોધન લઈને આવી હતી. જેમાં આર્થિક રીતે પછાત સામાન્ય વર્ગના લોકોને નોકરીઓ અને શિક્ષણમાં ૧૦ ટકા અનામત આપવાની જોગવાઈ કરવામાં આવી છે. કાયદા હેઠળ અનામતની મર્યાદા ૫૦ ટકાથી વધુ હોવી જોઈએ નહીં. દેશમાં હાલ જોઈ તો એસસી, એસટી અને ઓબીસી વર્ગને જે અનામત મળે છે તે ૫૦ ટકાની મર્યાદાની અંદર જ મળે છે. પરંતુ સામાન્ય વર્ગનું ૧૦ ટકા અનામતનો કોટા આ ૫૦ ટકાની મર્યાદાની બહાર છે.

આ મામલે સુપ્રીમ કોર્ટમાં ૪૦થી વધુ અરજીઓ દાખલ થઈ હતી. કોર્ટે ૨૭ સપ્ટેમ્બરે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો.

## વિક્રમી સ્તરે

● અનુસંધાન પહેલાનું ચાલુ

પગલાને નબળા આયોજન અને અમલ તરીકે ટીકા કરવામાં આવી હતી. લોકો દ્વારા રાખવામાં આવેલ ચલણ તે નોટો અને સિક્કાઓનો સંદર્ભ આપે છે જેનો ઉપયોગ લોકો દ્વારા વ્યવહાર કરવા, વેપાર કરવા અને માલ અને સેવાઓ ખરીદવા માટે કરવામાં આવે છે. ચલણમાં રહેલી કુલ કરન્સીમાંથી બેંકો પાસે પડેલી રોકડને બાદ કરતાં જાણી શકાય છે કે લોકોમાં કેટલી કરન્સી ચલણમાં છે. નોંધપાત્ર રીતે, નવા અને અનુકૂળ ડિજિટલ ચુકવણી વિકલ્પોની લોકપ્રિયતા હોવા છતાં, ભારતીય અર્થતંત્રમાં રોકડનો ઉપયોગ સતત વધી રહ્યો છે. આનું એક કારણ એ પણ હોઈ શકે છે કે દેશમાં નિમ્ન મધ્યમ વર્ગ અને નીચલા વર્ગ પાસે ડિજિટલ સુવિધાઓ ઉપલબ્ધ નથી અને રોકડમાં વ્યવહારો કરવા વધુ અનુકૂળ માને છે.

## વિરાટ કોહલી

● અનુસંધાન પહેલાનું ચાલુ

અપાવી હતી. તો કોહલીએ આ એવોર્ડ મળ્યા બાદ કહ્યું કે, મારા માટે આ ખુબ સન્માનની વાત છે કે મને એવોર્ડ આપવામાં આવ્યો. આઈસીસીના પ્લેયર ઓફ ધ મંથનો પ્રથમવાર એવોર્ડ જીતનાર વિરાટ કોહલીએ પાછલા મહિને શાનદાર બેટિંગ કરી હતી. તેણે ટી૨૦ વિશ્વકપમાં પાકિસ્તાન સામે ૮૨ રન ફટકારી જીત અપાવી હતી. કોહલીએ સંકટના સમયમાં આ દમદાર ઈનિંગ રમી હતી. ખુદ વિરાટે આ ઈનિંગને પોતાના કરિયરની સર્વશ્રેષ્ઠ ઈનિંગ ગણાવી હતી.

આ ઈનિંગ સિવાય વિરાટે નેધરલેન્ડ વિરુદ્ધ મુકાબલામાં પણ ૬૨ રનની ઈનિંગ રમી હતી. ઓક્ટોબર મહિનાની શરૂઆતમાં દક્ષિણ આફ્રિકા વિરુદ્ધ ટી૨૦ સિરીઝ દરમિયાન ગુવાહાટીમાં ૨૮ બોલમાં ૪૯ રનની ઈનિંગ રમી હતી. વિરાટે ઓક્ટોબર મહિનામાં ૨૦૫ની એવરેજથી ૨૦૫ રન બનાવ્યા છે. આ દરમિયાન તેની સ્ટ્રાઈક રેટ પણ ૧૫૦.૭૩ની રહી છે.

## રાહત નહીં

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતો. ઓપેક દેશો તરફથી ઉત્પાદનમાં કાપ કરવાના નિર્ણય બાદ તેમાં તેજી જોવા મળી રહી છે. સોમવારે સવારે ક્રૂડના ભાવમાં ફરીથી ઘટાડો જોવા મળ્યો હતો. ઘરેલૂ બજારમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ છેલ્લા પાંચ મહિનાથી એક જ સ્તર પર બનેલા હતા. રાજ્ય સ્તર પર પેટ્રોલ પર લાગતા ટેક્સના કારણે અલગ અલગ શહેરોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ અલગ હોય છે. પોતાના ફોનમાંથી જીસ્જી દ્વારા ભારતના મુખ્ય શહેરોમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતો આપ જાણી શકશો. તેના માટે ઈંડિયન ઓયલના ગ્રાહકો ઈજીઁ કોડ લખીને ૯૨૨૪૯૯૨૨૪૯ નંબર પર મોકલવાનું રહેશે. તમારા શહેરોને ઈજીઁ કોડ જાણવા માટે અહીં ક્લિક કરો.

## ઠાગાઠય્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. સેકટરમાં ઘર આંગણે કચરાનો ઢગ કરીને બેઠેલા રહીશો કોર્પોરેશનના લીધે ગંદકીથી ગુંગળામણ અનુભવી રહ્યા છે. સેકટરવાસીઓ પાસેથી આકરો ટેકસ વસુલીને સફાઈની કામગીરી પણ યોગ્ય રીતે કરવામાં આવતી નથી આ સ્થિતિ વચ્ચે સેકટરવાસીઓ આગ બબુલા બન્યા છે. કચરો એકત્રિત કરવાની વ્યવસ્થાને અનુલક્ષી નિયમિતતા જળવાતી નથી જયારે સેકટરોમાં શેરી સફાઈ તેમજ કોમન પ્લોટની સફાઈના નામે પણ મીંડુ છે. આ સ્થિતિ વચ્ચે સ્થાનિકો સફાઈના મુદ્દે પાટનગરમાં પણ છેવાડાના ગામ જેવી સ્થિતિનો અહેસાસ કરી રહ્યા છે.

## ચૂંટણીનો તખ્તો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રથમ યાદી જાહેર થશે. જે બેઠકો પર ઉમેદવાર પસંદગી બાબતે ઘર્ષણ સર્જાય તેમ છે તે બેઠકો પર બીજા તબક્કામાં ઉમેદવારો જાહેર કરાશે. ખાસ કરીને સૌરાષ્ટ્રની બેઠકો પર જાતિ-જ્ઞાતિના સમીકરણોના આધારે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરાશે.

કોંગ્રેસે લગભગ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરી લીધી છે. માત્ર દિલ્હીથી હવે જાહેરાત જ બાકી છે. ભાજપ કઈ બેઠક પર કયા ઉમેદવારને ટીકીટ ફાળવે છે તેની જ રાહ જોવાઈ રહી છે. આગામી ૧૦મી સુધીમાં કોંગ્રેસના ઉમેદવારો પણ જાહેર થઈ જશે તેવી પૂરેપૂરી શક્યતા છે.